# ઈંડિયન કલા અને કલાકારોનો કોશ

## Dictionary of Indian Art of Artists

ઈંડિયન કલા અને કલાકારો અંગે આવી સુંદર ડિક્ષનરી તૈયાર કરીને **પ્રતિમા શેઠે** અદભુત કાર્ય કર્યું છે. અને મેપીન પબ્લીશીંગે ભારતના કલા સાહિત્યમાં એક મોટો ઉમેરો કર્યો છે. જે માટે એ બંને અભિનંદનના અધિકારી છે. આ ડિક્ષનરીમાં અજન્તાથી માંડીને યાંત્રા સુધીની પેઈન્ટીંગ, ડ્રોઈંગ, પ્રિન્ટસ, સ્કલ્પચર, ગેલેરીઓ તથા ઈન્સ્ટીટ્યુશનો આવરી લેતી ૧૩૦૦ જેટલી એન્ટ્રીઓ છે. એમાં ભારતની કલા અને કલાકાર અંગે વિસ્તૃત સમજણ આપવામાં આવી છે. ભારતમાં આ પ્રકારનું આ પુસ્તક કદાચ પ્રથમ હશે. આર્ટીસ્ટો અને ઈન્સ્ટીટ્યુશનો અંગેની ૬૦૦ એન્ટ્રીઓ દ્વારા ગઈ સદીમાં ભારતમાં કલાનો જે વિકાસ થયો, જે પરંપરા સર્જાઈ તેની રજૂઆત થઈ છે. ૪૦૦ કરતાં વધુ એન્ટ્રીઓ ભારતના કલાકારોની ટેકનિક અને સ્ટાઈલ પર પ્રકાશ પાડે છે. આ ડિક્ષનરી કેવીક ઉપયોગી છે અને કેવી કેવી એન્ટ્રીઓનો એમાં સમાવેશ થયો છે તે પર એક આછો દ્દષ્ટિપાત કરીએ.

પ્રતિષ્ઠિત ગેલેરીઓમાં જેમના પેઈન્ટીંગ્સના પાંચેક શો થયા હોય તેવા કલાકારોના નામો આ ડિક્ષનરીમાં આવરી લેવાયા છે. પણ પાછળથી શો થયા હોય કે ન થયા હોય. કેટલાક કલાકારોના નામો ઉમેરાયા હતા. સાથે તેમની ટેકનિકો અને સ્ટાઈલ્સ પર પણ નોંધ લેવામાં આવી છે.

આ ડિક્ષનરીમાં આજ, અભિષારિકા, આભૂષણ વગેરેની વ્યાખ્યા આપવામાં આવી છે. આવુ દેલવાડાના જૈન મંદિરોની કળા વિષે લખતાં મંદિરો બાંધનારાઓનો ઈતિહાસ પણ વર્ણવ્યો છે જે આવકાર્ય છે. અજન્તાની ૨૮ ગુફા વિષે સારી એવી માહિતી આપવામાં આવી છે. અપ્સરાની વ્યાખ્યામાં સુંદરી, સુંદર નૃત્યકાર. મેનકા અને વિશ્વામિત્ર ઋષિનું દ્દષ્ટાંત અપાયું છે. કેટલાક કલાકારોના જીવન વૃત્તાંત સાથે તેમની કલાનું દ્દષ્ટાંત પણ અપાયું છે. આસનોની વ્યાખ્યા કરતાં તીર્થંકરોના પદ્માસનનું ચિત્ર રજૂ થયું છે. અવતાર અંગે દશાવતારની સરસ સમજૂતિ આપી છે. કલા સાથે સંબંધ નહીં હોવા છતાં અવતારની વ્યાખ્યા રજૂ થઈ છે.



*હેમેન્દ્રનાથ મઝુમદારનું આ પેઈન્ટીંગ ૧૯૨૬માં ૫૦ X ૩૬.૫ સેન્ટી મીટરના કેન્વાસ પર ઓઈલ પેઈન્ટીંગમાં થયેલું. આ યુવતી ઊભી રહીને પોતાના પ્રિયતમની રાહ જોઈ રહી છે. એની 'બોડી લેંગ્વેજ' પરથી એને પ્રિયતમાની પ્રતીક્ષા છે તે જણાય આવે. પ્રતીક્ષા કરતાં મધરાતની મહેર વરસી, છતાં ય એ પ્રતીક્ષા કરે છે. જળથી ભીની થયેલી સાડી પારદર્શક - ટ્રાન્સપેરન્ટ બને છે. એ બધી વિગતો કલાકારે આ ચિત્રમાં ઉપસાવી છે તે એમની કલાનો કસબ છે. ઓઈલ, વોટર કલર અને પેસ્ટલ મીડિયમ્સ પર કલાકારની માસ્તરી હતી.*

બાબરનામા, બેકહોપ્સ, બેક-ગ્લાસ પેઈન્ટીંગ, બેકગ્રાઉન્ડ, બૈશાખ, બેલેન્સ, બાંધણી, બારમાસ, બસોહલી, બાટીક, બઝાર પેઈન્ટીંગ વગેરેની પણ સરસ વ્યાખ્યા આપવામાં આવી છે. એન એસ બેન્દ્રે, માંચરેશા પીઠાવાલા, પીલુ પોચખાનવાલા, રવિશંકર રાવળ, કનુ દેસાઈ, સોમાલાલ શાહ, શાંતિલાલ શાહનો પરિચય અને તેમણે કરેલું મનુભાઈ પંચોળી 'દર્શક'નું પોર્ટ્રેટ રજૂ થયાં છે. શંખ, શક્તિ, સ્ટેન્સીલ, સ્ટેઈન્ડ ગ્લાસ, સ્પીરીચ્યુઅલ, સ્ટીલ લાઈફ, સ્ટીલ, સ્ટુપ, સ્ટોન, સ્ટોન કાર્વીંગ વગેરે શબ્દોની સરસ વ્યાખ્યા આપી છે.

આ પુસ્તકમાં રાજા રવિ વર્માના ચરિત્રલેખનમાં જણાવાયું છે કે તેઓ એકલવ્ય



*કેટલાક નાના કલાકારોના પેઈન્ટીંગ્સ પણ રજૂ કર્યા છે. રાજા રવિ વર્માનું એક પેઈન્ટીંગ ૨૫ ઓક્ટોબરે લંડનના Bonhams દ્વારા ઓક્શનમાં વેચાતાં £૬,૦૨,૦૦૦ ઉપજ્યા. રાજા રવિ વર્માએ પેઈન્ટીંગ ૧૮૮૦માં ચીતરેલું. એ પેઈન્ટીંગમાં ત્રાવણકોરના મહારાજ અને એમના નાના ભાઈ ત્રીજા ડ્યુક ઓફ બકીંગહામ - રિચાર્ડ ટેમ્પલ-ગ્રેન વીલને તથા મદ્રાસના ગવર્નર-જનરલ (૧૮૭૫ થી ૮૦) ચંદ્રોસને તેમની ૧૮૮૦માં થયેલ ઓફિસિયલ વિઝીટને ૧૦૬ X ૧૪૬ સેન્ટીમીટરના કેનવાસ પર ઉતારી છે. બોન્હામ્સે એ ચિત્રના £૫૦,૦૦૦ થી £૭૦,૦૦૦ ઉપજશે એવી આશા રાખી હતી. પણ એના કરતાં દસગણાં £૬ લાખ ઉપજ્યા. રાજા રવિ વર્માના પેઈન્ટીંગ્સ ભારતમાં જ રહે એ માટે Osian's conoisseurs of Art ના નેવીલ તુલીએ ખરીદ્યું હતું. એ ફોટો*

જેમ જાતે જ પેઈન્ટીંગ શીખેલા. કેન્વાસ પર ઓઈલ પેઈન્ટીંગ કરનારા આંરભના આર્ટીસ્ટોમાંના એક રાજા રવિ વર્મા હતા. એમણે રામાયાણ અને મહાભારતના પાત્રો તથા કવિ કાલિદાસના શાસ્ત્રીય સાહિત્યના પાત્રોનું પણ આલેખન કર્યું હતું. પાછળના જીવનમાં તેમણે લક્ષ્મી, સરસ્વતીને કૃષ્ણના ચિત્રો બનાવેલા. એમણે થિયેટર માટે પણ ચિત્રો તૈયાર કરેલા.



*મનુભાઈ પંચોલી - 'દર્શક'*
*ચિત્રકાર સોમલાલ શાહ*

અમદાવાદના જાણીતા કલાકાર પીરાજી સાગરાની પણ એન્ટ્રી છે. એમાં જણાવ્યા પ્રમાણે પીરાજીએ તામ્રપત્ર પર પણ પેઈન્ટીંગ કર્યું છે.

આ પુસ્તક કલા રસિકો તથા કલાકારો, લાયબ્રેરીઓ, કોલેજો તથા વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી બને તેવું છે. પ્રતિમા શેઠે સારી એવી મહેનત લીધી છે. આ પુસ્તકમાં થોડાં નામી કલાકારોના નામો જાણીતા નથી. સૂરતના ૯૩ વર્ષના શ્રી ઠાકોરભાઈ મિસ્ત્રીએ 'વન મેન ગેલેરી' ઊભી કરી છે પણ આ પુસ્તકમાં એમનું નામ જણાતું નથી.

**પ્રતિમા શેઠ** - આ ડિક્ષનરી માટે સારી મહેનત કરનાર પ્રતિમા શેઠ ગુજરાતી છે. એમણે મુંબઈની જેજે સ્કૂલ ઓફ આર્ટમાં અભ્યાસ કર્યો હતો. એમણે પણ પેઈન્ટીંગ્સ કર્યા છે. આ પુસ્તક કલા માટેનું એમનું મહાન પ્રદાન છે. એમને અભિનંદન.



*પ્રતિમા શેઠ*




**Dictionary of Indian Art and Artists.** By Pratima Sheth. Published by Mapin Publishing. ISBN : 1890206334. Distributed in Europe by Art Books International. London. Price : £40.00